# અવધિજ્ઞાન

જૈન ધર્મમાં જ્ઞાનના પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મન:પર્યવજ્ઞાન અને (૫) કેવળજ્ઞાન.

જીવો પોતાની ઇન્દ્રિયોની અને મનની મદદથી જે જાણે તથા દેખે એવા વિષયો મતિજ્ઞાનમાં અને શ્રુતજ્ઞાનમાં આવી જાય છે. ઇન્દ્રિયો અને મનની મદદ વગર, માત્ર આત્માની શુદ્ધિ અને નિર્મળતાથી, સંયમની આરાધનાથી સ્વયમેવ પ્રગટ થાય એવાં અતીન્દ્રિય અને મનાતીત જ્ઞાનમાં અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન ગણાય છે. ઘાતિ કર્મોના ક્ષયોપશયથી અવધિ અને મન :પર્યવ ઉત્પન્ન થાય છે અને ઘાતિ કર્મોના સંપૂર્ણ ક્ષયથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. જીવને જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે ફક્ત એ એક જ જ્ઞાન રહે છે, બાકીનાં ચારે જ્ઞાનનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. કેવળજ્ઞાનમાં એ ચારે જ્ઞાનનો વિલય થઈ જાય છે. જે જીવને કેવળજ્ઞાન પ્રગટ થાય એ જીવ એ જ ભવે મોક્ષગતિ પામે છે. કેવળજ્ઞાન પછી પુનર્જન્મ નથી.

'અવધિ' શબ્દ ઉપરથી પ્રાકૃત-અર્ધમાગધીમાં 'ओहि' શબ્દ આવ્યો છે. અવધિજ્ઞાન માટે ઓહિણાણ શબ્દ પ્રાકૃતમાં વપરાય છે.

અવધિ શબ્દનો એક અર્થ થાય છે મર્યાદા, સીમા. આથી કુંદકુંદાચાર્યે અવધિજ્ઞાનનો સીમાજ્ઞાન તરીકે ઉલ્લેખ કર્યો છે.

વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'અવધિ' શબ્દ अव + आ ઉપરથી બનેલો છે. અવ એટલે નીચે અને ધા એટલે વધતું જતું. अधो विस्तारभावेन धावतीत्यवधिः । ક્ષેત્રની દૃષ્ટિએ અવધિજ્ઞાન, એકંદરે ઉપરની દિશામાં જેટલું વિસ્તાર પામતું હોય છે, તેના કરતાં નીચેની દિશામાં વધુ વિસ્તાર પામે છે. માટે એને અવધિજ્ઞાન કહેવામાં આવે છે. 'અવધિ' શબ્દનો માત્ર મર્યાદા એટલો જ અર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઈએ તો મતિ, શ્રુત, અવધિ અને મન:પર્યવ એ ચારે જ્ઞાન મર્યાદાવાળાં છે, સાવધિ છે. એક કેવળજ્ઞાન જ અમર્યાદ, નિરવધિ છે. એટલે 'અવધિ' શબ્દના બંને અર્થ લેવા વધુ યોગ્ય છે.

અવધિજ્ઞાનની વ્યાખ્યા આ પ્રમાણે છે : ઇન્દ્રિયો અને મનની મદદ વિના અમુક મર્યાદા સુધી રૂપી દ્રવ્યો-પદાર્થોનું જેના વડે જ્ઞાન થાય છે તેને અવધિ જ્ઞાન કહેવામાં આવે છે.

**द्रव्याणि मूर्तिमन्त्येव विषयो यस्य सर्वतः ।**
**नैयत्यरहितं ज्ञानं तत्स्यादवधिलक्षणम् ।।**

અવધિજ્ઞાનની વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવે છે :

(१) अवशब्दोऽध शब्दार्थः अब अधो विस्तृतं वस्तु धीयते परिच्छिद्यतेऽनेनेत्यवधिः ।

(२) अवधिर्मर्यादा रूपष्वेव द्रव्येषु परिच्छेदक्रतया प्रवत्तिरूपा तदुपलक्षितं ज्ञानमप्यवधिः ।

(३) अवधानमात्मानोऽर्थ : साक्षात्कारण व्यापारोअवधिः ।

જ્ઞાનના બે પ્રકાર બતાવવામાં આવે છે : (૧) પ્રત્યક્ષ જ્ઞાન અને પરોક્ષ જ્ઞાન. મન અને ઇન્દ્રિયોના આલંબન વિના, આત્મા પોતાના ઉપયોગથી દ્રવ્યોને, પદાર્થોને સાક્ષાત્ દેખે અને જાણે તેને પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. મન અને ઇન્દ્રિયોની સહાયથી જે જ્ઞાન હોય તેને પરોક્ષ જ્ઞાન કહેવામાં આવે છે. અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન તે પ્રત્યક્ષ જ્ઞાન છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તે પરોક્ષ જ્ઞાન છે.

કેવલી ભગવંતો છ દ્રવ્ય પ્રત્યક્ષપણે જાણે છે તથા દેખે છે. એટલે કેવળજ્ઞાન સર્વથી પ્રત્યક્ષજ્ઞાન છે. મન:પર્યવજ્ઞાની મનોવર્ગણાના પરમાણુઓને પ્રત્યક્ષજ્ઞાન છે. મન:પર્યવજ્ઞાની મનોવર્ગણાના પરમાણુઓને પ્રત્યક્ષ જાણે છે અને દેખે છે તથા અવધિજ્ઞાની પુદ્ગલ દ્રવ્યને પ્રત્યક્ષ જાણે છે અને દેખે છે. એટલે મન:પર્યવજ્ઞાન અને અવધિજ્ઞાન દેશપ્રત્યક્ષ જ્ઞાન છે. વર્તમાન સમયમાં ટેલિવિઝનની શોધે દુનિયામાં ઘણી મોટી ક્રાંતિ કરી છે. તેવી જ રીતે કમ્પ્યૂટરની શોધે પણ કર્યું છે. એથી વેપાર-ઉદ્યોગમાં ઘણાં પરિવર્તનો આવી ગયાં છે. જીવનશૈલી ઉપર એનો ઘણો બધો પ્રભાવ પડ્યો છે. જોકે ટેલિવિઝન અને અવધિજ્ઞાન વચ્ચે લાખ યોજનનું અંતર છે, તો પણ અવધિજ્ઞાનને સમજવામાં ટેલિવિઝનનું ઉદાહરણ કેટલેક અંશે મદદરૂપ થઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અલબત્ત, આધ્યાત્મિક દૃષ્ટિએ ટી. વી.ના માધ્યમની ઉપયોગિતાનું કોઈ પણ રીતે સમર્થન કે અનુમોદન થઈ શકે નહીં.

મનુષ્યની દૃષ્ટિને મર્યાદા છે. પોતાના જ ઘરના બીજા ખંડમાં બનતી વસ્તુને તે નજરોનજર જોઈ શકતો નથી કે તેવી રીતે હજારો માઈલ દૂર બની રહેલી ઘટનાને પણ જોઈ શકતો નથી. પણ હવે ટી. વી. કેમેરાની મદદથી માણસ પોતાના ખંડમાં બેઠાં બેઠાં ઘરના બીજા ખંડોમાં શું થઈ રહ્યું છે, દરવાજે કોણ આવ્યું છે તે પ્રત્યક્ષ જોઈ શકે છે. ટી. વી. કેમેરાની મદદ વડે પંદર-પચીસ માળના મોટા સ્ટોરમાં એના સંચાલક પ્રત્યેક વિભાગમાં શું થઈ રહ્યું છે તે જોઈ શકે છે. શાળા કે કૉલેજના આચાર્ય પ્રત્યેક વર્ગમાં શિક્ષક શું ભણાવે છે અને વિદ્યાર્થીઓ શું કરે છે તે જોઈ શકે છે. માણસ પોતાના ખંડમાં બેઠાં બેઠાં ટી. વી. સેટ ઉપર હજારો માઈલ દૂર રમાતી મેચ તત્ક્ષણ નજરે નિહાળી શકે છે. એક દેશમાં રમાતી એક પ્રકારની મેચ ન ગમતી હોય તો બટન દબાવીને બીજા દેશની બીજી મેચ આવતી હોય તો તે જોઈ શકે છે. વીડિયોની મદદથી ધારે ત્યારે રેકોર્ડ કરેલા જૂના કોઈ પ્રસંગને જોઈ શકે છે. ટી. વી. અને વીડિયોની જેટલી સગવડ વધારે તે પ્રમાણે તેટલાં ક્ષેત્ર અને કાળનો અવકાશ વધારે.

આમ છતાં વૈજ્ઞાનિક સાધનો પર અવલંબિત ટી. વી. એ ટી. વી. છે. અને અવધિજ્ઞાન તે અવધિજ્ઞાન છે. મન અને ઇન્દ્રિયોની મદદથી ટી. વી.નાં દૃશ્યોને જોઈ શકાય નથી. અવધિજ્ઞાન મન અને ઇન્દ્રિયોની મદદ વિના, રૂપી દ્રવ્યોને આત્મભાવથી સાક્ષાત્ જોઈ શકે છે. અંધ મનુષ્ય ટી. વી.ના દૃશ્યને જોઈ શકતો નથી. પણ મનુષ્ય ઇન્દ્રિયોની સહાય વિના અવધિજ્ઞાન દ્વારા ઉપયોગ મૂકીને પોતાના જ્ઞાનગોચર વિષયને જોઈ શકે છે. ટી.વી. અને વીડિયો દ્વારા વર્તમાનમાં બનતી અને ભૂતકાળની ફક્ત રેકોર્ડ કરેલી ઘટનાઓ જોઈ શકાય છે. ભવિષ્યકાળની અનાગતની ઘટનાઓ જોઈ શકાતી નથી. અવધિજ્ઞાન દ્વારા અનાગત કાળનાં દ્રવ્યો – પદાર્થોને પણ જોઈ શકાય છે. ટી. વી.નાં દૃશ્યો પડદા ઉપર હોય છે. અવધિજ્ઞાન દ્વારા તે સાક્ષાત્ જોઈ શકાય છે. આમ, ટી. વી. અવધિજ્ઞાનનો કિંચિત અણસાર આપી શકે છે, પરંતુ અવધિજ્ઞાનનું સ્થાન તે ક્યારેય નહીં લઈ શકે.

અવધિજ્ઞાન જન્મથી અને ગુણથી એમ બે રીતે પ્રાપ્ત થાય છે. જે જન્મથી પ્રાપ્ત થાય છે તેને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવામાં આવે છે. ગુણથી પ્રગટ થતું અવધિજ્ઞાન તે ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ભવપ્રત્યયિક અવધિજ્ઞાન – 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું છે : भवप्रत्ययो नरकदेवानां । દેવલોકમાં દેવતાઓને અને નરક ગતિમાં નારકી જીવોને જન્મથી અવધિજ્ઞાન થાય છે. દરેક ગતિની કોઈ વિશિષ્ટતા હોય છે. મનુષ્ય ગતિ શ્રેષ્ઠ હોવા છતાં બધી જ શક્તિઓ મનુષ્યને જન્મથી પ્રાપ્ત થાય છે એવું નથી. પક્ષી તરીકે જીવને જન્મ મળે એટલે ઊડવાનું એને માટે સહજ છે. મનુષ્ય એ રીતે ઊડી શકતો નથી. કૂતરાની સૂંઘવાની શક્તિ કે ઘૂવડની અંધારામાં જોવાની શક્તિ એ યોનિને કારણે છે, યોનિ-પ્રત્યય છે. તે જ પ્રમાણે દેવગતિમાં કે નરકગતિમાં ઉત્પન્ન થતા સર્વ જીવોને પોતપોતાની ગતિ અને પૂર્વ કર્મના ક્ષયોપરામ અનુસાર નાનું–મોટું અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. મનુષ્યગતિમાં ફક્ત તીર્થંકરના જીવને ચ્યવન–જન્મથી અવધિજ્ઞાન હોય છે. અન્ય સર્વ મનુષ્યો માટે અવધિજ્ઞાન જન્મથી પ્રાપ્ત થતું નથી. ભવપ્રત્યયિક અવધિજ્ઞાનમાં પણ ક્ષયોપશમનું તત્ત્વ આવે જ છે. જો તેમ ન હોય તો દેવગતિમાં અને નરકકગતિમાં દરેકનું અવધિજ્ઞાન એક સરખું જ હોય. પરંતુ એકસરખું નથી હોતું એ બતાવે છે કે તે ક્ષયોપશમ અનુસાર છે.

(૨) ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન–મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોને આ અવધિજ્ઞાન થાય છે. તે દરેકને થાય તેવું નથી. જેનામાં તેને યોગ્ય ગુણનો વિકાસ થાય તેને આ જ્ઞાન થાય છે. વસ્તુત: તે તે પ્રકારના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી (ચારે ઘાતિ કર્મોના ક્ષયથી) કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અવધિજ્ઞાનવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન પ્રગટ થાય છે. પાપ અઢાર પ્રકારે બંધાય છે અને બ્યાશી પ્રકારે ભોગવાય છે. તેમાં જે પાપકર્મના ઉદયથી અવધિજ્ઞાનનું આચ્છાદન થાય છે તેને અવધિજ્ઞાનાવરણીય પાપકર્મ કહેવામાં આવે છે.

ગુણપ્રત્યય અવધિજ્ઞાનના છ પ્રકાર છે : (૧) અનુગામી (૨) અનનુગામી (૩) વર્ધમાન (૪) હીયમાન (૫) પ્રતિપાતિ અને (૬) અપ્રતિપાતિ.

(૧) અનુગામી–જે સ્થાનકે જીવને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે સ્થાનકથી જીવ અન્યત્ર જાય તો સાથે સાથે અવધિજ્ઞાન પણ જાય. એને માટે લોચનનું ઉદાહરણ આપવામાં આવે છે. માણસનાં લોચન માણસ જ્યાં જ્યાં જાય ત્યાં સાથે જ હોય. અથવા સૂર્ય અને સૂર્યપ્રકાશનું ઉદાહરણ આપવામાં આવે. જ્યાં સૂર્ય જાય ત્યાં સાથે એનો પ્રકાશ પણ જાય તેવું આ અવધિજ્ઞાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) અનનુગામી – જે સ્થાનકે જીવને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે સ્થાનકમાં એ જીવ હોય ત્યાં સુધી તે જ્ઞાન હોય, પણ જીવ અન્યત્ર જાય ત્યારે તેની સાથે તેનું અવધિજ્ઞાન ન જાય. એને માટે શૃંખલાથી બાંધેલા દીપકનું ઉદાહરણ આપવામાં આવે. માણસ બહાર જાય ત્યારે ઘરમાં બાંધેલો દીવો સાથે બહાર ન જાય.

(૩) વર્ધમાન—સંયમની જેમ જેમ શુદ્ધિ વધતી જાય, ચિત્તમાં પ્રશસ્ત અને પ્રશસ્તતર અધ્યવસાયો થતા જાય તેમ તેમ અવધિજ્ઞાન વધતું જાય. અવધિજ્ઞાન જ્યારે ઉત્પન્ન થયું હોય ત્યારે અંગુલના અસંખ્યાતમા ભાગે ક્ષેત્રને જાણે અને દેખે. પછી અવધિજ્ઞાન વધતું ચાલે તે ત્યાં સુધી પહોંચી શકે કે અલોકને વિશે પણ લોક જેવડા અસંખ્યાતા ખંડક દેખે. આ વર્ધમાન અવધિજ્ઞાન માટે ઇંધણ અને અગ્નિનું અથવા દાવાનળનું ઉદાહરણ આપવામાં આવે છે. અગ્નિમાં જેમ જેમ ઇંધણ નાખવામાં આવે તેમ તેમ અગ્નિ વધતો જાય, તેવી રીતે આ પ્રકારનું અવધિજ્ઞાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય.

(૪) હીયમાન—અગાઉ શુભ અધ્યવસાયો અને સંયમની શુદ્ધિ સાથે વધેલું અવધિજ્ઞાન પછી અશુભ અધ્યવસાયોને કારણે અને સંયમની શિથિલતાને કારણે ઘટવા લાગે. આ હીયમાન અવધિજ્ઞાન ધીમે ધીમે ઘટતું જાય. એને માટે અગ્નિશિખાનું ઉદાહરણ આપવામાં આવે છે. દીવાની જ્યોત ક્રમે ક્રમે નાની થઈ છેવટે અંગુલના અસંખ્યાતા ભાગ જેટલી રહે.

(૫) પ્રતિપાતિ—પ્રતિપાતિ એટલે કે પાછું પડવું. જે અવધિજ્ઞાન સંખ્યાતા કે અસંખ્યાતા યોજના સુધી જાણે અને દેખે, અરે ઠેઠ સમગ્ર લોક સુધી દેખી શકે, પણ પછી તે અચાનક પડે અને ચાલ્યું જાય. એને માટે પવનના ઝપાટાથી ઓલવાઈ જતા દીવાનું ઉદાહરણ આપવામાં આવે છે. હીયમાન અવધિજ્ઞાન અને પ્રતિપાતિ અવધિજ્ઞાન વચ્ચે તફાવત એ છે કે હીયમાન અવધિજ્ઞાન ધીમે ધીમે ઘટતું જાય છે, ત્યારે પ્રતિપાતિ અવધિજ્ઞાન સમકાળે એક ઝપાટે સામટું ચાલ્યું જાય છે.

(૬) અપ્રતિપાતિ—અપ્રતિપાતિ એટલે જે પાછું ન પડે તે. આ અવધિજ્ઞાન સમગ્ર લોકને જોવા ઉપરાંત અલોકનો ઓછામાં ઓછો એક પ્રદેશ દેખે. અપ્રતિપાતિ અવધિજ્ઞાન અંતમુહૂર્તમાં કેવળજ્ઞાનમાં સમાઈ જાય છે. એટલે કે અપ્રતિપાતિ અવધિજ્ઞાન જેને થાય તેને ત્યાર પછી તે જ ભવમાં કેવળજ્ઞાન અવશ્ય થાય જ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ, અપ્રતિપાતિ અવધિજ્ઞાન કેવળજ્ઞાન થવાના અંતમુહૂર્ત પહેલાં પ્રગટ થાય છે. આ અપ્રતિપાતિ અવધિજ્ઞાનને પરમાવધિજ્ઞાન પણ કહેવામાં આવે છે. પરમાવધિજ્ઞાન થયા પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન અવશ્ય થાય છે. તે માટે ઉપમા આપવામાં આવે છે કે પરમાવધિજ્ઞાન પરોઢ જેવું છે અને કેવળજ્ઞાન સૂર્યપ્રકાશ જેવું છે. કેવળજ્ઞાનરૂપી સૂર્યપ્રકાશનો ઉદય થાય તે પહેલાં પરોઢની પ્રભા ફૂટે એના જેવું પરમાવધિજ્ઞાન છે.

'તત્ત્વાર્થસૂત્ર'માં વાચક ઉમાસ્વાતિએ (અધ્ય. ૧ સૂત્ર ૨૩માં) અવધિજ્ઞાનના છ ભેદ નીચે પ્રમાણે બતાવ્યા છે :

(૧) અનુગામી, (૨) અનનુગામી, (૩) હીયમાન, (૪) વર્ધમાન (૫) અનવસ્થિત અને (૬) અવસ્થિત.

પહેલા ચાર ભેદ કર્મગ્રંથ પ્રમાણે છે. અનવસ્થિત એટલે ઉત્પન્ન થાય, વધે ઘટે, ઉત્પન્ન થયેલું ચાલ્યું પણ જાય. અવસ્થિત એટલે જેટલું અવધિજ્ઞાન હોય તેટલું કેવળજ્ઞાન પર્યંત કાયમ રહે. અનવસ્થિતમાં પ્રતિપાતિનો સમાવેશ થઈ જાય છે અને અવસ્થિતમાં અપ્રતિપાતિનો સમાવેશ થઈ જાય છે. અનવસ્થિત માટે વાયુથી પાણીમાં ઊઠતા તરંગોની વધઘટનું ઉદાહરણ આપવામાં આવે છે અને અવસ્થિત માટે શરીર ઉપર થયેલા અને કાયમ એટલા અને એકસરખા જ રહેતા મસાનું ઉદાહરણ આપવામાં આવે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અવધિજ્ઞાની જઘન્ય અને ઉત્કૃષ્ઠ કેટલું દેખે અને જાણે તે નીચે પ્રમાણે છે :

(૧) અવધિજ્ઞાની દ્રવ્યથી જઘન્યપણે અનંતારૂપી દ્રવ્ય દેખે અને જાણે તથા ઉત્કૃષ્ટપણે સર્વરૂપી દ્રવ્યને જાણે અને દેખી શકે.

(૨) ક્ષેત્રની દૃષ્ટિએ અવધિજ્ઞાની જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ દેખે અને જાણે તથા ઉત્કૃષ્ટપણે અલોકને વિશે લોક જેવડાં અસંખ્યાતા ખંડક દેખે અને જાણે.

(૩) કાળની દૃષ્ટિએ અવધિજ્ઞાનની જઘન્યથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ દેખે અને જાણે તથા ઉત્કૃષ્ટપણે અસંખ્યાત ઉત્સર્પિણી તથા અવસર્પિણી સુધી, અતીત કાળ અને અનાગત કાળ દેખે અને જાણે.

(૪) ભાવની દૃષ્ટિએ અવધિજ્ઞાની જઘન્યથી અનંતા ભાવ દેખે અને જાણે તથા ઉત્કૃષ્ટપણે પણ અનંતા ભાવ દેખે અને જાણે. (સર્વ ભાવનો અનંતમો ભાગ પણ દેખે અને જાણે.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ જઘન્યથી ઉત્કૃષ્ટ સુધી જેટલું જેટલું દેખે અને જાણે તે દરેકનો જુદો જુદો એક એક ભેદ ગણીએ તો અવધિજ્ઞાનના અસંખ્યાત ભેદો છે એમ કહેવાય. એટલે જ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે :

संखाइयाओ खलु ओहिन्नाणस्स सव्वपयडीओ ।
काई भव पच्चइया खओवसमियाओ काओअवि ।।

અવધિજ્ઞાનની સર્વ પ્રકૃતિઓ (સર્વ ભેદો) સંખ્યાતીત અર્થાત્ અસંખ્ય છે. કેટલાક ભેદો ભવપ્રત્યયિક છે અને કેટલાક ક્ષયોપશમ પ્રત્યયિક છે.

આમ, ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક એવા બે મુખ્ય પ્રકારોના પેટા પ્રકારોનો વિચાર કરતાં ઠેઠ અસંખ્યાતા ભેદ કે પ્રકારો સુધી પહોંચી શકાય.

જો અવધિજ્ઞાનના આ રીતે અસંખ્યાતા પ્રકારો હોય તો એ બધાનું વર્ણન કેવી રીતે થઈ શકે ? ન જ થઈ શકે. એટલા માટે નિર્યુક્તિકાર કહે છે :

कत्तो मे वण्णे सत्ती ओहिस्स सव्वपयडीओ ?

(અવધિજ્ઞાનની સર્વ પ્રકૃતિઓ વર્ણવવાની મારામાં શક્તિ ક્યાંથી હોય ?)

ક્ષેત્ર અને કાળની દૃષ્ટિએ કોઈકનું અવધિજ્ઞાન સ્થિર રહે અને કોઈકના અવધિજ્ઞાનમાં પોતપોતાના ક્ષયોપશમ અનુસાર વધઘટ પણ થાય. એકંદરે સર્વવિરતિધર એવા સાધુઓના અવધિજ્ઞાનને ક્ષેત્રાદિની દૃષ્ટિએ અવકાશ વધુ રહે. તેમ છતાં કોઈ ગૃહસ્થ શ્રાવકને કોઈ સાધુ કરતાં વધુ અવધિજ્ઞાન ન સંભવી શકે એવું નથી. ગૌતમસ્વામી અને આનંદ શ્રાવકનો પ્રસંગ એ માટે જાણીતો છે. આનંદ શ્રાવકે દીક્ષા નહોતી લીધી પણ ધર્મારાધના તરફ તેમનું જીવન વળ્યું હતું. કુટુંબની જવાબદારી પુત્રને સોંપી પોતે પૌષધશાળામાં ધર્મધ્યાનમાં સમય વીતાવતા હતા. એમ કરતાં એમણે આમરણ અનશન વ્રત સ્વીકાર્યું. એ વખતે ભગવાન મહાવીર પોતાના ગણધરો અને શિષ્યો સાથે વાણિજ્યગ્રામ પધાર્યા હતા. ગૌતમસ્વામી છઠના પારણા માટે બપોરે ગોચરી વહોરવા નીકળ્યા હતા. રસ્તામાં એમને થયું કે, 'આનંદશ્રાવકની શાતા પૂછવા માટે પૌષધશાળામાં પણ જોઈ આવું.' તેઓ ત્યાં ગયા. આનંદ શ્રાવક અનશનને લીધે અશક્ત થઈ ગયા હતા. ગૌતમસ્વામીને આવેલા જોઈ તેમને અત્યંત હર્ષ થયો. તેમણે ગૌતમસ્વામીને વંદન કર્યાં. પછી પોતાને થયેલા અવધિજ્ઞાનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાત કરી. ગૌતમસ્વામીએ કહ્યું, 'આનંદ ! ગૃહસ્થને અવધિજ્ઞાન જરૂર થાય, પણ તમે કહો છો તેટલા વ્યાપક ક્ષેત્રનું ન થાય.' આનંદ શ્રાવકે કહ્યું કે, પોતે જે કહ્યું છે તે સાચું છે, એટલે ગૌતમસ્વામીએ કહ્યું, 'આનંદ ! તમે અસત્યવચન બોલો છો, માટે મિચ્છામિ દુક્કડં આપવો ઘટે.' આનંદ શ્રાવકે કહ્યું, 'મારી સાચી વાતને આપ ખોટી કહો છો તો મિચ્છામિ દુક્કડં આપને દેવો ઘટે.' ગૌતમસ્વામીને થયું કે અમારા બેમાં કોણ સાચું એ તો ભગવાન મહાવીર જ કહી શકે. તેઓ ભગવાન પાસે પહોંચ્યા અને બધી વાત કહી. ભગવાને કહ્યું, 'ગૌતમ ! આનંદ શ્રાવકની વાત સાચી છે. ગૃહસ્થને એટલું વ્યાપક અવધિજ્ઞાન થઈ શકે માટે મિચ્છામિ દુક્કડં તમારે આપવો ઘટે.' આ સાંભળીને ગૌતમસ્વામી ગોચરી પણ વાપરવા ન બેઠા અને આનંદ શ્રાવક પાસે પહોંચ્યા અને પોતાની ભૂલ માટે મિચ્છામિ દુક્કડં કહી આનંદ શ્રાવકની ક્ષમા માગી.

વર્ધમાન અને હીયમાન પ્રકારના અવધિજ્ઞાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરેમાં વધઘટ થાય છે. પ્રશ્ન એ થાય છે કે શું એ બધાં એકસાથે વધે અને એકસાથે ઘટે કે એમાં કોઈ નિયમ છે ? નિર્યુક્તિકાર કહે છે :

**कालो चउण्ह वुड्ढी, कालो भइयव्वो खेत्त वुड्ढीण ।**
**वुड्ढीय दव्व पज्जव्व भइयव्वा खेत्त-कालाउ ।।**

(કાળની વૃદ્ધિમાં ક્ષેત્રાદિ ચારેની વૃદ્ધિ થાય છે. ક્ષેત્રની વૃદ્ધિ થયે કાળની ભજના જાણવી. દ્રવ્યપર્યાયની વૃદ્ધિ થયે ક્ષેત્રકાળની વૃદ્ધિ ભજનાઓ જાણવી.)

**सुहुमो य होइ कालो तत्तो सुहुमतरयं हवइ खेत्तं ।**
**अंगुलसेढीमेत्ते ओसप्पिणीओ असंखेज्जा ।।**

(કાળ સૂક્ષ્મ છે અને તેનાથી ક્ષેત્ર વધારે સૂક્ષ્મ છે, કારણ કે અંગુલપ્રમાણ શ્રેણી માત્રમાં અસંખ્યાત અવસર્પિણીના સમય જેટલા પ્રદેશો છે.)

કાળ પોતે સૂક્ષ્મ છે. કાળથી ક્ષેત્ર વધુ સૂક્ષ્મ છે. ક્ષેત્રથી દ્રવ્ય વધુ સૂક્ષ્મ છે અને દ્રવ્યપર્યાયો એથી વધુ સૂક્ષ્મ છે. ક્ષયોપશમને કારણે અવધિજ્ઞાનીનો જો કાળનો માત્ર એક જ 'સમય' વધે તો ક્ષેત્રના ઘણા પ્રદેશો વધે છે અને ક્ષેત્રની વૃદ્ધિ થતાં દ્રવ્યની વૃદ્ધિ અવશ્ય થાય છે કારણ કે દરેક આકાશપ્રદેશે દ્રવ્યની પ્રચુરતા હોય છે અને દ્રવ્યની વૃદ્ધિ થવાથી પર્યાયોની વૃદ્ધિ થાય છે, કારણ કે દરેક દ્રવ્યમાં પર્યાયોની બહુલતા હોય છે.

બીજી બાજુ અવધિજ્ઞાનીના અવધિગોચર ક્ષેત્રની જો વૃદ્ધિ થાય તો કાળની ભજના જાણવી એટલે કે કાળની વૃદ્ધિ થાય અથવા ન પણ થાય. જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્રની ઘણીબધી વૃદ્ધિ હોય તો કાળની વૃદ્ધિ થાય, પણ જો ક્ષેત્રની જરાક જેટલી જ વૃદ્ધિ થાય તો કાળની વૃદ્ધિ ન થાય. કારણ કે અંગુલ જેટલું ક્ષેત્ર જો વધે અને તે પ્રમાણે કાળની વૃદ્ધિ થાય તો અસંખ્યાત ઉત્સર્પિણી જેટલો કાળ વધી જાય. અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં જેટલા પ્રદેશો છે તેમાંથી દરેક સમયે એક પ્રદેશ અપહરીએ તો અસંખ્યાત અવસર્પિણી જેટલો કાળ વધી જાય. અવધિગોચર ક્ષેત્રવૃદ્ધિ થયે દ્રવ્યપર્યાયો અવશ્ય વધે છે, પરંતુ દ્રવ્યપર્યાયો વધે ત્યારે ક્ષેત્રની વૃદ્ધિ થાય કે ન પણ થાય.

અવધિજ્ઞાનના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ત્રણ પ્રકાર બતાવવામાં આવે છે.

ક્ષેત્રની દૃષ્ટિએ દરેકનું અવધિજ્ઞાન એકસરખા માપનું નથી હોતું. વળી જેટલા ક્ષેત્રનું અવધિજ્ઞાન હોય તે ક્ષેત્રનો આકાર દરેકને માટે એકસરખો નથી હોતો.

જઘન્ય અવધિજ્ઞાન સ્તિબુક (બિન્દુ) આકારે ગોળ હોય છે. મધ્યમ અવધિજ્ઞાનના ક્ષેત્રના અનેક આકાર હોય છે. કેવા કેવા આકારે તે હોય છે તેનાં કેટલાંક ઉદાહરણો આપતાં આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે :

**तप्पागारे पल्लग पडहग झल्लरी मुइंग पुप्फ-जवे ।**
**तिरिय मणयाण ओही नाणाविहसंठिओ भणिओ ।।**

ત્રાપો, પલ્ય, પડહ, ઝલ્લરી, મૃદંગ, પુષ્પચંગેરી અને યવનાલકના આકારે તથા મનુષ્ય અને તિર્યંચને વિવિધ આકારે અવધિજ્ઞાન હોય છે.

(૧) નારકીનું અવધિજ્ઞાન પાણી ઉપર તરવાના ત્રાપા-તરાપાના આકાર જેવું હોય છે.

(૨) ભુવનપતિ દેવોનું અવધિજ્ઞાન પલ્ય (પ્યાલા)ના આકારે હોય છે.

(૩) વ્યંતરદેવોનું અવધિજ્ઞાન પડહ (ઢોલ)ના આકારવાળું હોય છે.

(૪) જ્યોતિષી દેવોનું અવધિજ્ઞાન ઝલ્લરી (ઝાલર)ના આકાર જેવું હોય છે.

(૫) બાર દેવલોકના દેવોનું અવધિજ્ઞાન મૃદંગના આકારનું હોય છે.

(૬) નવ ગ્રૈવેયકના દેવોનું અવધિજ્ઞાન પુષ્પચંગેરી (ફૂલથી ભરેલી ચંગેરી)ના આકાર જેવું હોય છે.

(૭) અનુત્તર દેવોનું અવધિજ્ઞાન યવનાલકના આકારનું હોય છે. યવનાલક એટલે સરકંચૂઓ અથવા ગલકંચૂઆ. એનો આકાર તુરકણી જે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહેરણો પહેરે એવો હોય છે.

દેવ અને નારકીના અવધિજ્ઞાનના ક્ષેત્રનો આકાર હંમેશાં એવો ને એવો જ રહે છે. એ આકાર બીજા આકારમાં પરિણમતો નથી.

(૮) તિર્યંચ અને મનુષ્યનું અવધિજ્ઞાન, ક્ષેત્રની દૃષ્ટિએ વિવિધ પ્રકારના સંસ્થાનવાળું – આકારવાળું હોય છે. વળી, જે આકાર હોય તે બીજા આકારમાં પરિણમી શકે છે. અલબત્ત, કોઈને એનો એ જ આકાર જીવનપર્યંત-કાયમ માટે પણ રહી શકે છે.

ક્ષેત્રમાં કોણ કઈ દિશામાં વધારે જોઈ શકે છે તે વિશે કહેવાયું છે કે ભુવનપતિ અને વ્યંતર દેવોને ઊર્ધ્વ દિશામાં અવધિજ્ઞાન વધારે હોય છે. વૈમાનિક દેવોને અધોદિશામાં તથા નારકી અને જ્યોતિષી દેવોને તિરછી દિશામાં અવધિજ્ઞાન વધારે હોય છે. ઔદારિક શરીરવાળા તિર્યંચ અને મનુષ્યોને વિવિધ પ્રકારે વિવિધ દિશામાં અવધિજ્ઞાન વધારે હોય છે, જેમ કે કોઈને ઊર્ધ્વ દિશામાં વધારે હોય તો કોઈને અધોદિશામાં કે તિરછી દિશામાં વધારે હોય છે. મનુષ્ય અને તિર્યંચને અવધિજ્ઞાન વલયાકારે પણ હોય છે. દેવલોકના દેવો પોતાના અવધિજ્ઞાન વડે કેટલું ક્ષેત્ર જોઈ શકે તે નીચે પ્રમાણે છે :

(૧) સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો રત્નપ્રભા નામની પ્રથમ નરકના નીચેના ભાગ સુધી અવધિજ્ઞાન વડે જોઈ શકે છે.

(૨) સનતકુમાર અને મહેન્દ્ર દેવલોકના દેવો શર્કરાપ્રભા નામની બીજી નરક પર્યંત જોઈ શકે.

(૩) બ્રહ્મલોક અને લાંતક દેવલોકના દેવો ત્રીજી વાલુકાપ્રભા નામની નરક સુધી જોઈ શકે.

(૪) શુક્ર અને સહસ્રાર દેવલોકના દેવો ચોથી પંકપ્રભા નરક સુધી જોઈ શકે.

(૫) આનત, પ્રાણત, આરણ અને અચ્યુત એ ચાર દેવલોકના દેવો પાંચમી ધૂમપ્રભા નામની નરક સુધી જોઈ શકે.

(૬) ત્રણ નીચેના અને ત્રણ મધ્યના એમ છ ગ્રૈવેયકના દેવો તમઃ પ્રભા નામની છઠ્ઠી નરક સુધી જોઈ શકે.

(૭) ઉપરના ત્રણ ગૈવેયકના દેવો તમસ્તમઃપ્રભા નામની સાતમી નરક સુધી જોઈ શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૮) પાંચ અનુત્તર વિમાનના દેવો પોતાના અવધિજ્ઞાન વડે સંપૂર્ણ લોકનાડી જોઈ શકે છે.

બધા દેવલોકમાં જેમ જેમ ઉપર ઉપરના દેવલોકનો વિચાર કરીએ તેમ તેમ તે દેવો નીચેની અને તિરછી દિશામાં ઉત્તરોત્તર વધુ અને વધુ ક્ષેત્ર અવધિજ્ઞાન વડે જોઈ શકે. અલબત્ત, ઊર્ધ્વ દિશામાં બધા દેવો સ્વકલ્પના સ્તૂપાદિ-ધ્વજાદિ પર્યંત અવધિજ્ઞાન વડે જોઈ શકે, તેથી ઉપર ન જોઈ શકે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ઉત્કૃષ્ઠ અવધિજ્ઞાન મનુષ્યોને જ હોય છે. દેવ, નારકી કે તિર્યંચને તે નથી હોતું. જઘન્ય અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચને હોય છે. દેવ અને નારકીને તે નથી હોતું.

ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનના બે પ્રકાર છે : (૧) સંપૂર્ણ લોકને અને લોકમાત્રને જોનાર અવધિજ્ઞાન. (૨) સંપૂર્ણ લોક ઉપરાંત અલોકમાં પણ જોનાર અવધિજ્ઞાન. તેમાં સંપૂર્ણ લોકમાત્રને જોનાર અવધિજ્ઞાન પ્રતિપાતિ હોય છે અને સંપૂર્ણ લોક ઉપરાંત અલોકમાં એક પ્રદેશ જેટલું વધુ જોનાર અવધિજ્ઞાન અપ્રતિપાતિ હોય છે. વિશેષાવશ્યક ભાષ્યમં કહ્યું છે.

**उक्कासो मणुएसुं मणुस्स-तेरिच्छिएसुं य जहण्णो ।**
**उक्कोस लोगमेत्तो पडिवाइ परं अपडिवाइ ।।**

અલબત્ત, અલોકમાં આકાશ સિવાય બીજા કોઈ દ્રવ્ય નથી એટલે જોવાપણું પણ રહેતું નથી. તો પણ અવધિજ્ઞાનના એ સામર્થ્યને દર્શાવવા એ પ્રમાણે કહેવાય છે.

નારકીના જીવો, ક્ષેત્રની દૃષ્ટિએ પોતપોતાના અવધિજ્ઞાન વડે કેટલું ઉત્કૃષ્ટ અને કેટલું જઘન્ય જોઈ શકે; તે નીચે પ્રમાણે છે :

| **નરકનું નામ** | **ઉત્કૃષ્ટ ક્ષેત્રપ્રમાણ** |
|---|---|
| ૧. રત્નપ્રભા | એક યોજન (ચાર ગાઉ) પર્યંત |
| ૨. શર્કરાપ્રભા | સાડા ત્રણ ગાઉ પર્યંત |
| ૩. વાલુકાપ્રભા | ત્રણ ગાઉ પર્યંત |
| ૪. પંકપ્રભા | અઢી ગાઉ પર્યંત |
| ૫. ધૂમપ્રભા | બે ગાઉ પર્યંત |
| ૬. તમ: પ્રભા | દોઢ ગાઉ પર્યંત |
| ૭. તમસ્તમ: પ્રભા | એક ગાઉ પર્યંત |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| નરકનું નામ | જઘન્ય ક્ષેત્રપ્રમાણ |
|---|---|
| ૧. રત્નપ્રભા | સાડા ત્રણ ગાઉ પર્યંત |
| ૨. શર્કરાપ્રભા | ત્રણ ગાઉ પર્યંત |
| ૩. વાલુકાપ્રભા | અઢી ગાઉ પર્યંત |
| ૪. પંકપ્રભા | બે ગાઉ પર્યંત |
| ૫. ધૂમપ્રભા | દોઢ ગાઉ પર્યંત |
| ૬. તમ:પ્રભા | એક ગાઉ પર્યંત |
| ૭. તમસ્તમ: પ્રભા | અડધો ગાઉ પર્યંત |

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન સમ્યક્ત્વસહિત હોઈ શકે છે અને સમ્યક્ત્વરહિત પણ હોઈ શકે છે. મિથ્યાદૃષ્ટિ જીવને પણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોઈ શકે છે. આમ, આ ત્રણે જ્ઞાનનાં પ્રતિપક્ષી જ્ઞાન પણ હોઈ શકે છે. એટલે કે મિથ્યા-મતિજ્ઞાન, મિથ્યા-શ્રુતજ્ઞાન અને મિથ્યા-અવધિજ્ઞાન પણ હોય છે. મન:પર્યવજ્ઞાન મિથ્યાત્વીને હોઈ શકતું નથી. કેવળજ્ઞાનમાં તો મિથ્યાત્વનો પ્રશ્ન જ હોતો નથી. ફક્ત સમકિતી જીવને જ મન:પર્યવજ્ઞાન થઈ શકે છે.

મિથ્યાદૃષ્ટિ જીવને અવધિજ્ઞાન થાય જ નહીં એમ કહેવું યથાર્થ નથી. મિથ્યાદૃષ્ટિ જીવને અવધિજ્ઞાન અવશ્ય થઈ શકે, પરંતુ તે મલિન હોય, ધૂંધળું હોય, અસ્પષ્ટ હોય. ક્યારેક તે અવળું-સવળું પણ દેખે. એટલા માટે મિથ્યાદૃષ્ટિ જીવના અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહેવામાં આવે છે. એટલે વિભંગજ્ઞાન એ અવધિજ્ઞાનનો જ એક પ્રકાર છે.

મન:પર્યવજ્ઞાનને ક્રમમાં અવધિજ્ઞાન પછી મૂકવામાં આવ્યું છે, કારણ કે અવધિજ્ઞાન કરતાં મન:પર્યવજ્ઞાન ચડિયાતું છે. અવધિજ્ઞાનનો વિષય સર્વરૂપી પદાર્થોનો છે. એ દૃષ્ટિએ ચૌદ રાજલોકના સર્વપદાર્થો-દ્રવ્યો અવધિજ્ઞાનનો વિષય બને છે તથા શક્તિની દૃષ્ટિએ તો અલોક પણ અવધિજ્ઞાનીનો વિષય બની શકે છે. એ રીતે સમગ્ર લોકાલોક અવધિજ્ઞાનનો વિષય છે. મન:પર્યવજ્ઞાનનો વિષય ફક્ત મનોવર્ગણાના પુદ્ગલ પરમાણુઓ પૂરતો છે. ચૌદ રાજલોકમાં મનોવર્ગણાના પુદ્ગલ પરમાણુઓનું પ્રમાણ એટલું બધું અલ્પ છે કે સર્વાવધિજ્ઞાનના અનંતમા ભાગ જેટલો વિષય મન:પર્યવજ્ઞાનનો છે. આમ, વિષયની દૃષ્ટિએ અવધિજ્ઞાન મોટું છે, પરંતુ સ્વરૂપની દૃષ્ટિએ મન:પર્યવજ્ઞાન ચડિયાતું છે કારણ કે મન:પર્યવજ્ઞાન પોતાના વિષયના અનેકગણા પર્યાયોને જાણે છે. આમ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન:પર્યવજ્ઞાનનો વિષય ઘણો નાનો હોવા છતાં તે વધુ સૂક્ષ્મ છે અને વધુ શુદ્ધ છે. માટે મન:પર્યવજ્ઞાન ચડિયાતું છે. વળી, વિશુદ્ધિ, ક્ષેત્ર, સ્વામી અને વિષયની દૃષ્ટિએ પણ અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનમાં ભેદ છે.

અવધિજ્ઞાન જન્મથી પણ હોઈ શકે છે, અર્થાત્ ભવપ્રત્યય કે યોનિપ્રત્યય પણ હોઈ શકે છે. દેવો, નરકના જીવો તથા તીર્થંકર ભગવાનને જન્મથી અવધિજ્ઞાન હોય છે. વળી, અવધિજ્ઞાન સંયમની વિશુદ્ધિથી કે તેવા પ્રકારના પ્રબળ ક્ષયોપશમથી પણ પ્રગટ થાય છે. મન:પર્યવજ્ઞાન જન્મથી મન:પર્યવજ્ઞાન હોતું નથી. વિશિષ્ટ સંયમની આરાધનાથી અર્થાત્ સંયમની વિશુદ્ધિથી જ તે ઉત્પન્ન થાય છે. તીર્થંકર ભગવાનને પણ જન્મથી મન:પર્યવજ્ઞાન હોતું નથી. તેઓ જ્યારે દીક્ષિત થાય છે ત્યારે જ તેમને મન:પર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ દૃષ્ટિએ અવધિજ્ઞાન કરતાં મન:પર્યવજ્ઞાન ચડિયાતું છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કરતાં અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનને વિશેષ શક્તિને કારણે ક્રમમાં ચડિયાતાં બતાવવામાં આવે છે, તો પણ એક અપેક્ષાએ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું જેટલું મહત્ત્વ છે તેટલું અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનનું મહત્ત્વ નથી. કેવળજ્ઞાન માટે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની જેટલી આવશ્યકતા છે, તેટલી અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનની નથી. કોઈ જીવ ક્યારેય મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વિના કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે નહીં. કેવળજ્ઞાનની ઉત્પત્તિ પૂર્વવર્તી શ્રુતજ્ઞાનરૂપી કારણથી થાય છે એમ મનાય છે. કોઈક જીવોને સીધું જ કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે. શાસ્ત્રોમાં એવાં કેટલાંયે ઉદાહરણો છે. આમ, મોક્ષમાર્ગમાં અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનની કોઈ અનિવાર્ય આવશ્યકતા નથી. અલબત્ત, અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાનથી જીવને પોતાના આત્માની વિશુદ્ધિની પ્રતીતિ થઈ શકે. અવધિજ્ઞાન અને વિશેષત: મન:પર્યવજ્ઞાન આત્માની વિશુદ્ધત્તર સ્થિતિનાં દ્યોતક છે.

શું પંચમ કાળમાં અવધિજ્ઞાન ન થઈ શકે ? આ વિશે કેટલુંક મતાન્તર છે. કેટલાકને મતે હાલ પણ અવધિજ્ઞાનની અત્યંત અલ્પ પ્રમાણમાં પણ શક્યતા છે. કેટલાકને મતે એવી કોઈ શક્યતા નથી. એટલું તો નક્કી છે કે આ કાળમાં આ ક્ષેત્રમાં કેવળજ્ઞાન નથી. જો તેમ છે, તો પરમાવધિજ્ઞાન કે જે અંતે કેવળજ્ઞાનમાં જ પરિણમે છે તે ક્યાંથી હોઈ શકે ? એટલે એટલું તો નિશ્ચિત જ છે કે આ કાળમાં પરમાવધિજ્ઞાન નથી. મન:પર્યવજ્ઞાનનો આ કાળમાં વિચ્છેદ થયો છે તે વિશે પણ સર્વ શાસ્ત્રકારો સંમત છે, કારણ કે તે પ્રાપ્ત થવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે જોઈતી સંયમની તેટલી વિશુદ્ધિ અને આત્માની તેવી શક્તિ આ કાળમાં જણાતી નથી.

દિગંબર ગ્રંથ મહાપુરાણમાં એવું વર્ણન આવે છે કે ભરત ચક્રવર્તીને પરિમંડળથી ઘેરાયેલો ચંદ્ર સ્વપ્નમાં દેખાય છે. તેનો અર્થ કરતાં ઋષભદેવ ભગવાન કહે છે કે પંચમ કાળમાં અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન કોઈને નહીં થાય એમ તે સૂચવે છે. બીજી બાજુ 'તિલોયપણ્ણતિ' ગ્રંથમાં કહેવાયું છે કે દુષમકાળમાં અમુક હજાર વર્ષે જ્યારે જ્યારે સાધુઓની ગોચરી ઉપર કરવેરા નખાશે અને સાધુઓ ગોચરી વાપર્યા વિના તે પ્રદેશ છોડીને ચાલી નીકળશે ત્યારે તેમાંના કોઈ એક સાધુને અવધિજ્ઞાન થશે એટલે કે હજારો વર્ષે એકાદ જણને અવધિજ્ઞાન થાય તો થાય.

વર્તમાનમાં કોઈક મહાત્માઓને અવધિજ્ઞાન થયું છે એવી વાત સાંભળીએ છીએ, પરંતુ તે માની લેવાની ઉતાવળ ન કરવી જોઈએ. કેટલાક વચનસિદ્ધ મહાત્માઓનાં વચન કે વર્ણન સાચાં પડે છે, પરંતુ વચનસિદ્ધિ અને અવધિજ્ઞાનને એક માની લેવાની ભૂલ ન થવી જોઈએ. અવધિજ્ઞાનીનું તે જ્ઞાનના ઉપયોગ દ્વારા કહેલું વચન અવશ્ય સત્ય હોય છે, પરંતુ વચનસિદ્ધિ હોય ત્યાં અવધિજ્ઞાન હોય જ એમ માની ન લેવું જોઈએ. કેટલાક મહાત્માઓએ કરેલી આગાહી સાચી પડતી હોય છે. આવી કેટલીક આગાહી માત્ર અનુમાનથી જ કરેલી હોય છે. અનુમાન એ ચિત્તનો વ્યાપાર છે. કેટલાકની અનુમાનશક્તિ નિર્મળ હૃદય, તીવ્ર અવલોકનશક્તિ તથા તર્ક વગેરેને કારણે એટલી બધી સરસ હોય છે કે તેઓ તેને આધારે જે કહે તે સાચું પડતું જણાય. તેવી રીતે કેટલીક વ્યક્તિઓ આંતરસ્ફુરણા (Intution)ને આધારે આગાહી કરતી હોય છે અને એવી આગાહી પણ સાચી પડતી હોય છે. પરંતુ અનુમાનશક્તિને આધારે કે આંતરસ્ફુરણાને આધારે કરેલી આગાહીને અવધિજ્ઞાન માનવાની ભૂલ ન કરવી જોઈએ. કેટલીક વ્યક્તિઓ ભૂત, વર્તમાન કે ભવિષ્યમાં બનેલી, બનતી કે બનનારી ઘટનાને પોતાની કલ્પના વડે આંતરચક્ષુ સમક્ષ ખડી કરી શકે છે, તે પ્રમાણે વર્ણવે છે અને એ કેટલીકવાર સાચી ઠરે છે, પરંતુ એવી રીતે કરેલો માનસિક કલ્પનાવ્યાપાર ગમે તેટલો તાદૃશ હોય તો પણ તે અવધિજ્ઞાન નથી. અનુમાનશક્તિ, કલ્પનાવ્યાપાર ઇત્યાદિ મનની મદદથી થાય છે. મતિજ્ઞાનનો એ વિષય બને છે. એને અવધિજ્ઞાન માની ન શકાય. કેટલાક મહાત્માઓની ચમત્કારશક્તિને ઉપસાવવા એમના શિષ્યો કે અનુયાયીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરફથી, ક્યારેક તો ખુદ મહાત્માની જ પ્રેરણાથી આવી કેટલીક ઘટનાઓને અવધિજ્ઞાન તરીકે ઠસાવવાનો હેતુપૂર્વક પ્રયાસ થતો હોય ત્યારે વિચારશીલ માણસે તેથી ભોળવાઈ જવું ન જોઈએ. આ કાળમાં અવધિજ્ઞાન જેને-તેને થઈ શકે એવું અવધિજ્ઞાનનું સ્વરૂપ નથી. કોઈ પોતાને અવધિજ્ઞાન થયું છે તેવો દાવો કરે અથવા બીજાને થયું છે એવો દાવો કરે તો પ્રત્યક્ષ કસોટી વિના તેવી વાત સ્વીકારવી ન જોઈએ. ગતાનુગતિક ચાલી આવતી વાતને પણ માનવાની ઉતાવળ ન કરવી જોઈએ. તત્ત્વમાં જેમને શ્રદ્ધા છે તેમને માટે આ બહુ જ જરૂરી છે. કોઈનો પણ અનાદર કર્યા વિના યથાતથ્ય પામવાની કોશિશ કરવી જોઈએ.

❑

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org